અ.સ.પ.ક્રમાંક:એફપીડબલ્યુ-૧૦૨૦૧૧-૩૫૧-બ.૧
નં :

**પી. કે. તનેજા, આઈ.એ.એસ.**
અગ્ર સચિવ (જાહેર આરોગ્ય)

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**
ગુજરાત સરકાર
૭/૮, સરદાર પટેલ ભવન,
સચિવાલય,
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.
તારીખ : -૯-૨૦૧૧ 14 OCT 2011

શ્રીમાન,

આપ શુ વિદિત હશો જ કે સમાજમાં ઘટતી જતી દિકરીઓની સંખ્યા દેશ અને રાજ્ય માટે મોટી ચિંતાનો વિષય છે આ માટે મહામહીમ રાષ્ટ્રપતિશ્રી, માન.પ્રધાનમંત્રીશ્રી તેમજ મહામહીમ રાજ્યપાલશ્રીથી માન.મુખ્યમંત્રીશ્રી સુધીના સૌએ સંવેદના વ્યક્ત કરેલ છે. રાજ્યમાં સ્ત્રી ભ્રૂણ હત્યા રોકવા ધી પીસી એન્ડ પીએનડીટી(પ્રોહીબીશન ઓફ સેક્સ સીલેક્શન) એક્ટ ૧૯૯૪નો કડક અમલ થઈ રહેલ છે, રાજ્ય સરકારએ "બેટી વધાવો અભિયાન" હાથ ધરી, સમાજના તમામ વર્ગનો સહકાર મેળવેલ છે. પરંતુ હજુ સુધી જોઈએ તેવા સારા પરિણામ મળેલ નથી. આથી વધુ સક્રીયતા દાખવી નક્કર કામગીરી હાથ ધરવી અનિવાર્ય બનેલ છે. આપના જીલ્લા માટે આપને તેમજ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રીને જીલ્લા એપ્રોપ્રિએટ ઓથોરીટી (પીએનડીટી) તરીકે જાહેર કરવામાં આવેલ છે. રાજયના તમામ ૧૭૧ બ્લોક હેલ્થ ઓફીસરશ્રીઓને બ્લોક લેવલ એપ્રોપ્રિએટ ઓથોરીટી તરીકે જાહેર કરવામાં આવેલ છે. રાજ્ય સરકારએ "આપણો તાલુકા વાયબ્રન્ટ તાલુકો" એક નવો જ અભિગમ અમલમાં મુકી રાજ્યમાં વસતા છેવાડાના માનવીને ઝડપી અને નજીકમાં સેવાઓ પુરી પાડવાનો પ્રયાસ કરેલ છે. તદ્ઉપરાંત તાલુકા કક્ષાએ જ આયોજન અને અમલીકરણ તેમજ વહીવટી પ્રક્રિયાને વિશેષ ગતિશીલ, અસરકારક પરિણામ લક્ષી, સરળ, પારદર્શી અને પ્રજાભિમુખ બનાવવાનો અભિગમ છે. તેના ભાગરૂપે રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગએ તા:૨/૯/૨૦૧૧ના જાહેરનામાથી ધી પીસી એન્ડ પીએનડીટી (પ્રોહીબીશન ઓફ સેક્સ સીલેક્શન) એક્ટ ૧૯૯૪ અંતર્ગત સર્વે પ્રાંત અધિકારીશ્રીઓને સબ ડીસ્ટ્રીક્ટ એપ્રોપ્રિએટ ઓથોરીટી તરીકે જાહેર કરી, સ્ત્રી ભ્રૂણ હત્યા રોકવાની કામગીરીમાં સામેલ કરેલ છે. ઉક્ત જાહેરનામાની નકલ આપને તેમજ લાગતા વળગતા સર્વેને મોકલી આપવામાં આવેલ છે તેમજ www.gujhealth.gov.in વેબસાઈટ ઉપર E-Citizen હેઠળ " GR and Notification"માં મુકવામાં આવેલ છે.

આથી આપના જીલ્લામાં ધી પીસી એન્ડ પીએનડીટી એક્ટ ૧૯૯૪ અંતર્ગત નક્કર કાર્યવાહી થઈ આવતા જીલ્લાના તમામ રજીસ્ટર્ડ સેન્ટરોનું વેરીફીકેશન કરી/કરાવી, કાયદાનો ભંગ થતો હોય તેની સામે કાયદા અનુસાર કડક કાર્યવાહી કરવા કરાવવા આપશ્રીને મારી અંગત આગ્રહભરી અપીલ છે.

આભાર સહ

આપનો સ્નેહાધીન,

(પી.કે.તનેજા)

પ્રતિ,
સર્વે ડીસ્ટ્રીક્ટ એપ્રોપ્રિએટ ઓથોરીટી(પીએનડીટી) અને કલેક્ટરશ્રી,
જીલ્લા સેવા સદન, ......................

નકલ રવાના :

- સર્વે ડીસ્ટ્રીક્ટ એપ્રોપ્રિએટ ઓથોરીટી(પીએનડીટી) અને મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી,
  જીલ્લા પંચાયત, .............તરફ જરૂરી કાર્યવાહી સારૂ.
- સર્વે સબ ડીસ્ટ્રીક્ટ એપ્રોપ્રિએટ ઓથોરીટી(પીએનડીટી) કમ પ્રાંત અધિકારીશ્રી,
  પ્રાંત કચેરી, ................... તરફ જરૂરી કાર્યવાહી સારૂ.
- સર્વે સબ ડીસ્ટ્રીક્ટ એપ્રોપ્રિએટ ઓથોરીટી(પીએનડીટી) કમ બ્લોક હેલ્થ ઓફીસરશ્રી,
  બ્લોક હેલ્થ કચેરી,............. તરફ જરૂરી કાર્યવાહી સારૂ.